ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૨૮/૭/૨૦૧૪

## <u>અખબાર યાદી</u>

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૮ જુલાઈ NATURE CONSERVATION DAY ની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમ**

તા. ૨૮ જુલાઈના દિવસને કુદરતી સંપત્તિનું સંરક્ષણ **WORLD CONSERVATION DAY** તરીકે ઉજવવામાં આવે છે.

જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.**૨૮ જુલાઈ** ને સોમવારના રોજ સવારના ૮ કલાકે દક્ષિણામૂર્તિ કુમાર મંદિર,પરિમલ ચોક, ભાવનગર ખાતે પ્રાથમિક વિભાગના વિધાર્થીઓ માટે એક પાત્ર અભિનય દ્વારા આ જ વિષયની સમજૂતિ આપતો કાર્યક્રમ રાખવામાં આવેલ.

આ કાર્યક્રમમાં આપણી અમૂલ્ય કુદરતી સંપત્તિ જેવી કે હવા, પાણી, વૃક્ષ, પર્વત, ખનીજતેલ, વન્ય સજીવ સૃષ્ટિનો માનવી દ્વારા થતો આડેધડ ઉપયોગ તેનાથી વાતાવરણને થતું નુકશાન તથા તેની જાળવણીનું એકપાત્ર અભિનય દ્વારા સંદેશ આપતું નાટક શાળાના બાળકોએ સરળશૈલીમાં રજૂ કરેલ અને સમજાવેલ કે કુદરતી સંપત્તિનો યોગ્ય અને કાળજી પૂર્વક ઉપયોગ કરીને ભવિષ્યની પેઢી માટે તેનું સંરક્ષણ કરવું જોઈએ. આ કાર્યક્રમનો લાભ કુલ મળીને ૩૦૦ જેટલા વિધાર્થીઓ તથા શિક્ષક મિત્રોએ લીધેલ. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી કલ્પનાબેન વ્યાસે પૂરતો સહકાર આપેલ.

---

પ્રતિ,
તંત્રીશ્રી .............,
ભાવનગર.
જયભારત સાથ વિનંતિ કે ઉપરોક્ત અખબાર યાદી આપના દૈનિક પેપરમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

પ્રી.પ્રી. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.